# ઈસુ રાજાઓનાં રાજા છે.

## બાળકોને ઈસુની આજ્ઞા માનવા શીખવો.

પ્રાર્થના : અમારા પિતા, આજના આભ્યાસથી બાળકો ઈસુની આજ્ઞા માનતા શીખે એવું થવા દો કેમ કે તેઓ તેને ચાહે છે.''

બાળશિક્ષણની તમામ કે કોઈ એક પ્રવૃત્તિ પસંદ કરો

કોઈ મોટું બાળક કે શિક્ષક લૂક ૭ :૧-૧૦ માંથી ઈસુની આજ્ઞા માનનાર સિપાહીની વાર્તા વાંચો. રૂમી સેનાનો અધિકારી મહાન રાજાની આજ્ઞા માનવું એટલે શું તે વિષે શું સમજતો હતો તે વિષે તે બતાવે છે.

જો સગવડ હોય તો આ રોમન સિપાહીના ચિત્રની નકલ કરવાનું બાળકોને કહો અથવા તેમાં રંગ પૂરવા દો.

વાર્તા કહ્યા પછી બાળકોને પ્રશ્નો પૂછો

- રોમન અધિકારી ઈસુ પાસે શી આશા રાખતો હતો ? (ઉત્તર : ૩ જી કલમ જુઓ)
- સિપાહીની મદદ કરવા ઈસુને કોણે કહ્યું ? (૩)
- શા માટે તે સિપાહી ઈસુને મળવા બહાર આવ્યો નહિ ?

  (કલમ ૭) તે પોતાને યોગ્ય સમજતો ન હતો.
- ઈસુ સર્વ બાબતો પર અધિકાર ચલાવે છે તેવા વિશ્વાસને સિપાહીએ કેવી રીતે દર્શાવ્યો? (૭-૫)
- સિપાહીએ કેવી રીતે પોતાની આધીનતા બતાવી ? (કલમ -૭) તેના માંદા ચાકરનું શું થશે તે વિષે ઈસુએ જે કહ્યું તે પર વિશ્વાસ કરીને)



વાર્તાના ભાગોનું **નાટક ભજવો**. નાટકની તૈયારીમાં બાળકોને તમારો સમય આપો. તમામ ભાગોનો ઉપયોગ કરવાની જરૂર નથી.

મોટા બાળકો કે માણસો નીચેના પાત્રો ભજવે.

ઉદ્‌ઘોષક : વાર્તાની સમીક્ષા કરી બાળકોને યાદ રાખવામાં મદદ કરે.

રૂમી અધિકારી

સિપાહી

ઈસુ

નાના બાળકો નીચેના પાત્રો ભજવે

ચાકર - નીચે સૂઈ જાય અને માંદા હોવાનો અભિનય કરે.

યહૂદિઓ - (રૂમી અધિકારીના મિત્રો)

**<u>નાટક, ભાગ -૧, લૂક ૭ :૧-૬</u>**

**ઉદ્‌ઘોષક** : વાર્તામાં પ્રથમ ભાગ કહો (૧ થી ૬ કલમ) કહો - ''રૂમી અધિકારીનો ચાકર છું કહે છે તે સાંભળો ''

**ચાકર** : ''માલિક હું બહુ માંદો છું. મને લાગે છે કે હું તો મરી જઈશ''

**રૂમી અધિકારી** : ''ઈસુ કાપનાહૂમમાં આવ્યા છે. તે તને સાજો કરી શકે છે. હું તેમને માટે માણસ મોકલીશ.''(યહૂદીઓને) મારા યહૂદી મિત્રો, મારો ચાકર મરી રહ્યો છે ઈસુને કહો તેને સાજો કરે ઈસુ તો ખૂબ જ મહાન છે હું કેવી રીતે તેમની સમક્ષ જાઉં ?

**યહૂદીઓ** : અમે તમારે માટે જરૂર જઈશું

ઈસુને જઈને કહો ઈસુ કૃપા કરી અમારી સાથે આવો. રૂમી અધિકારી તેના ચાકરને માટે સાજાપણું ચાહે છે. ''તે ઘણા સારો માણસ છે'' ''તેઆપણી સંભાળ લે છે. તેણે આપણે માટે ભજનસ્થાન બનાવ્યું છે.''

**ઈસુ** : ''હું તમારી સાથે આવીશ.''

**<u>નાટક ,ભાગ -૨, લૂક ૭ :૭-૧૦)</u>**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ કહો (કલમ ૭-૧૦) કહો - રૂમી અધિકારી શું કહે છે તે સાંભળો

**રૂમી અધિકારી** : ઈસુને મળવા જેટલો હું યોગ્ય નથી. તે માત્ર શબ્દ જ બોલે તો મારો ચાકર સાજો થઈ જશે. સિપાહી, તું જા અને આ વાત ઈસુને કહે.

**સિપાહી** : (સલામ કરીને) હા જી તે ઈસુની પાસે જાય છે.

**યહૂદીઓ** : રૂમી અધિકારીનું ઘર હવે દૂર નથી જલ્દી ચાલો.જુઓ તેણે આપણા માટે તેનો સિપાહી મોકલ્યો છે.

**સિપાહી** : (ઈસુ પાસે જઈને) ઈસુ મારા માલિક જાણે છે કે તમે મહાન છો તે જાણે છે કે તમારો હૂકમ જરા પણ સમય વેડફયા વિના માનવાનો છે. તમે આજ્ઞા કરો કે તેના ચાકરની માંદગી દૂર થઈ જાય.''

**ઈસુ** : આજ્ઞાપાલન એટલું શું તે આ સેનાધિકારી જાણે છે. મારી આજ્ઞાઓમાં રહેલી સત્તાને તે જાણે છે . આ માંદગી પરના મારા અધિકાર પર તે વિશ્વાસ કરવા ચાહે છે આવો વિશ્વાસ મેં ઈસ્ત્રાએલમાં જોયો નથી.

**ઉદ્‌ઘોષક** : નાટક પુરુ થયું જાહેર કરો અને બાળકોનો આભાર માનો.

**પૂછો** : ઈસુએ આપણને કઈ કઈ આજ્ઞાઓ આપી છે ?

(બાળકો, પુષ્પોને ઉદાહરણ આપવા દો.)

સંગતના આગેવાન સાથે મળી આયોજન કરો

- ભજનના સમયે બાળકો નાટક ભજવી બતાવે.
- આ અભ્યાસના આરંભે જે પ્રશ્નો આપેલા છે તે પૂછો
- ગીત કે બાળકોએ તૈયાર કરેલ બાબત રજુ કરો

કેટલાંક દેશોમાં રાજાઓ પહેરે છે તેવા મુગટનું ચિત્ર દોરો બાળકોને તેની નકલ કરવા કહો. મોટા બાળકો નાનાં બાળકોને તેમાં મદદ કરે. (પછીના પાના પર ચિત્ર જુઓ)



આગામી ભજન સમયે બાળકો તેમના ચિત્રો માબાપોને બતાવે. બાળકો તેમને સમજાવે કે ઈસુ રાજાઓના રાજા છે અને અમે તેમને ચાહીએ છીએ માટે તેમની આજ્ઞાઓ માનીએ છીએ. યોહાન ૧૪ :૧૫ માં રાજાઓના રાજાએ જે કહ્યું છે તે મોઢે કરો. *"જો તમે મારા પર પ્રેમ રાખો છો, તો તમે મારી આજ્ઞાઓ પાળશો."*

**ગીત :** માત્થી ૨૮ :૧૮,૧૯ અને ૨૦ કલમ પણ બાળકો વારાફરતી વાચો.

*૧૮ આકાશ અને પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે. ૧૯ તેથી જઈને સર્વ દેશનાઓને શિષ્ય બનાવો અને પિતા, પુત્ર તથા પવિત્ર આત્માને નામે તેમને બાપ્તિસ્મા આપો. ૨૦ અને મેં જે કાંઈ આજ્ઞા આપી છે તે પાળવાનું શીખવો. અને યાદ રાખો જગતના અંત સુધી હું તમારી સાથે છું.*

આપણે શા માટે ઈસુની આજ્ઞા માનવા ચાહીએ છીએ તેના વિષે મોટાં બાળકો ગીત કે નાની વાર્તા લખે.

**પ્રાર્થના :** પ્રભુ,અમને તમારા શબ્દો સાંભળવા ગમે છે અને તમે જે કાંઈ કહ્યું છે તેનો અમે અમલ કરવા ચાહીએ છીએ. અમે તમારી આજ્ઞા પાળવા ચાહીએ છીએ કેમ કે તમે રાજાઓના રાજા છો અને અમે તમને પ્રેમ કરીએ છીએ.